भगवंत गरबावळी.

रचनार

मुनशी भगवंतराय उरफे भगुभाइ

दाजीभाइ.

वडनगरा नागर ग्रहस्थ.

श्रीमंत गायकवाड सरकारना मीलिटरी

कंटींजन्ट पागाना हाय कामदार.

रहेवासी वडोदरा.

अमदावाद.

यु. पी. अने ज. ए. कं. लिमिटेडना प्रेसमां

रणछोडलाल गंगारामे छापी.

संवत १९४०

॥श्री परब्रह्मपरमात्मने नमः॥

॥ प्रस्तावना ॥

આપણા દેશમાં સ્ત્રીઓને ગરબા ગાવાની પ્રીતિ હોય છે. અને ઘણે ઠેકાણે નવરાત્રી, લગ્ન સીમંત ઇત્યાદી તેહવાર તથાપ્રસ્તુતના દીવસોમાં સ્ત્રીઓ સમૂહ એકઠાં મળી ગરબાઓ ગાય છે. સદગ્રહસ્થનાં બઇરાંઓએ રસ્તાવચ્ચે ઉભાં રહી અન્ય જન સમુહો ના મધ્યમાં નજરમાં આવે તેવું ગાવું એ શ્લાઘનીય રીવાજ નથી. પરંતુ એ ઉપરથી સ્ત્રીઓએ ગાયન કરવુંજ નહી અથવા ગરબા વીગેરે ગીત ગાવાં નહી એમ સમજવાનું નથી. ગીત વાજીત્ર વીગેરે નાના પ્રકારના રાગોતથાવાદ્ય સ્ત્રીઓએ ગાવાં તથા વગાડવાં એ એક તેમનો ઉત્તમ ગુણ છે. શાસ્ત્રમાં જ્યાં જ્યાં સુજ્ઞ અને સદગુણપતીવ્રતા સ્ત્રીઓના ગુણોનાં વર્ણન આપેલાં છે ત્યાં ત્યાં તેમાં સંગીત શાસ્ત્રનું જ્ઞાન એ એક મુખ્યત્વે કરીને સ્ત્રીઓનો ઉત્તમ ગુણ વર્ણવેલો છે. આ પવીત્ર અને આનંદકારી વીધા જે સ્ત્રીઓમાં ન હોય તે સ્ત્રીઓના ગુણોમાં એક મોહોટી ખામી જાણવી. જોઇએ, કારણ કે સંસારની ખટપટના કામોમાં ચીંતા રૂપી અગ્નીથી દગ્ધ થએલા પુરૂષો ઘરમાં આવે તે સમયે તેમની શાંતી કરવામાં આ ગાયન રૂપી જળના જેવા બીજા કવચીતજ પદાર્થો છે. અને તે અમૃત

જળ જેના ઘરમાં હોતું નથી એટલે તેવા ગુણવાળી સ્ત્રીઓ જેના ઘરમાં હોતી નથી તે બીચારા પુરૂષોને યથેષ્ટ શાંતીની પ્રાપ્તી થતી નથી. અર્થાત્ સ્ત્રીઓ-તરફથી પોતાના પતીઓને જે સુખો મળવાં જોઇએ, તે સુખો આપી શકવામાં તે સ્ત્રીઓ પોતાની પાસે આ વિદ્યા રૂપી અમૃતના અભાવે કરી લાચારીથી કેવળ પાછળ પડી જાય છે, એટલુંજ નહી પણ એ વીદ્યા જે સ્ત્રીઓમાં હોતી નથી તે સ્ત્રીઓ સંસારનાં કેટલાંક સુખો ને જાણી શકતા પણ નથી તો પછી તે સુખોનો અનુભવ પોતાના પતીઓને તો શી રીતેજ કરાવી શકે. વળી સૃષ્ટીના સ્વાભાવિક ઇશ્વરી નીયમ તરફ જોતાં તે ઉપરથી પણ જણાઈ આવે છે કે આ વિદ્યા મુખ્યત્વે કરીને સ્ત્રીઓને માટેજ ઇશ્વરે ઉત્પન્ન કરેલી છે, કારણ કે આ વિદ્યામાં મુખ્ય સુકંઠ તથા સુંદર હાવ ભાવ જોઇએ તેની બક્ષીસ વિશેષ ભાગે કરીને ઇશ્વરે સ્ત્રીઓમાંજ કરેલી છે. આ ઉપરથી પુરૂષોને માટે આ વિદ્યા નથી એમ સમજવાનું નથી. પુરૂષને તો સર્વ વિદ્યાઓનું જ્ઞાન હોવુંજ જોઇએ અને જો પુરૂષમાં આ-વિદ્યાનું જ્ઞાન ન હોય તો તે તેના ગુણોમાં મોટી ખામી સમજવાની છે. આ વિદ્યાનુ જેને જ્ઞાન નથી તેવા પુરૂષો કેવળ અ રસિક છે એટલુંજ નહી પણ પ્રીતિ શૂન્ય કેહેવાને કાંઈ અડચણ નથી, કારણકે આ દુનીયામાં રાગ એ એવી મોટી વસ્તુ છે કે માણસ

ગમે તેવા શોકમાં હોય તો પણ તુર્ત તેને ખુશીના આવેશમાં આણી દે છે તથા માણસની મનોવૃત્તિઓનો સઘ ફેરફાર કરવાને તથા ગમે તે વિષયમાં ચિત્તનો તુર્તા તુર્ત અભિનિવેશ કરવાને રાગ જેવી બીજી કોઈ પણ વસ્તુ આ દુનીઆમાં નથી. આ વાત આ વિદ્યાનો અનુભવ જેણે કરેલો છે તે લોકો સારી પેઠે જાણે છે. આ વિદ્યાનો જેને અનુભવ નથી તેવા પુરૂષો ને માટે મખ્યાત ફારસી કવી શેખસાદી શીરાજીએ ગુલસ્તાંન નામની ફારસી કીતાબમાં ગાયન વિષે એક વાત વર્ણન કરી છેવટે એક બેહેત કહેલી છે.*

આ વાતનો ભાવાર્થ એટલોજ છે કે શેખ સાદી પોતે મુસાફરીના રસ્તામાં જતા હતા ત્યાં જંગલમાં એક રબારીનો છોકરો ઊંટોને ચરાવતો હતો તેણે ગાયન શરૂ કરવાથી તે ઉંટ મસ્ત થઇ નાચવાં માંડયાં તે જોઇ સેખસાદીએ સાથેના સોબતીઓને કહ્યું કે જુવો રાગ કેવી અમૂલ્ય વસ્તુ છે કે જેના આવેશથી આ મૂઢ પશુઓને પણ આનંદ થાએછે તો તે વીદ્યાનો આનંદ મનુષ્યનામાં હોએતો તે પુરૂષને ગર્ધવ શીવાય બીજી શી ઉપમા આપવી. વળી ભર્તૃહરીનીતિ શતકમાં પણ કહ્યું છે કે

شتر را چو شور و طرب در سر است
اگر آدمی را نباشد خر است

शुतर राचे शोर व तर्ब दर सीर अस्त,
अगर आदमी रा न बाशद खर अस्त.

साहित्यसंगीतकलाविहीनः साक्षात्पशुः पुच्छविषाणहीनः॥ तृणंन खादन्नपि जीवमानस्तद्भागधेयं परमंपशूनाम्॥

અર્થ ॥ સંગીત કળા સાહીત્યથી હીન પુરૂષ પુછડા તથા સીંગડા વગર નાસાક્ષાત પશુછે. અને તે ઢોરને ભાગ્યેજ ઘાસ ખાતા નથી.

એ વિગેરે ઘણા ઘણા સુજ્ઞ પુરૂષોનાં વાક્યો છે. માટે પુરૂષને "માટે" તો આ વિદ્યાછેજ ને હોવીજ જોઇએ. એ વિષે કાંઇ શંકા લેવાનુ કારણ નથી. પરંતુ મુખ્યતા આ વિદ્યામા સ્ત્રીઓની હોય એમ સેહેજ સુચના થાયછે. તેથી કેટલાક લોક જે સ્ત્રીઓમાં આ વિદ્યા હોવા વીષે ધીક્કાર દર્શાવેછે તે મોટી ભુલ કરેછે એટલુજ નહી પણ તેમને શાસ્ત્રનુ તથા સૃષ્ટીના નીયમોનુ યથાર્થ જ્ઞાન નથી એમ કહેવામાં કાંઈ હરકત આવતી નથી. તોપણ એટલુતો ખરૂ છે કે— આ વિદ્યાના અભ્યાસે કરી માણસનામાં ચતુરાઇ વધારે આવેછે ને તેથી કરી જે સ્ત્રીઓનામાં આ વીદ્યાના અંગનો આવિર્ભાવ હોયછે તે વધારે ચાલાક અને ચતુર માલુમ પડી આવેછે, ને દુનીઆંનાં ખરાં સુખો તરફ તેનુ વલણ વધારે વળેલુ હોઅ છે અને દુર્દૈવે કરીને તેવી સ્ત્રીઓનો અનાડી મુર્ખ અનજ્ઞ પુરૂષો સાથે સંબંધ

થાયછે. અને તે સ્ત્રીયોનામાં નીતી ધર્મ વીગેરે સદગુ-
ણોનો પ્રકાશ હોતો નથી ત્યારે ઘણું કરી તેવી સ્ત્રીઓનાં
મન તેવા પુરૂષો ઉપર ન રહેતાં તેમને વીષે તેમની
અપ્રીતી થાઅછે એટલુજ નહી પણ કેટલેક ઠેકાણે
દુસંગ બળે કરીને લોકો ધારેછે તેહેવી અનીતી પણ
થાયછે અને તેથી કરી આ વીદ્યાને ધીકકારનારા પુરૂ-
ષોની વાતને ટેકો મળી આવેછે પરંતુ ન્યાય દ્રષ્ટીથી
વાસ્તવીક રીતે વીચાર કરી જોતાં આ અનીતી તથા
અપ્રીતીનુ કારણ આ વીદ્યા હોય એમ માલુમ પડતું
નથી. પુરૂષોનામાં જે ગુણો અને વીદ્યાઓ જોઇએ તે
કેટલાએકનામાં હોતી નથી એવા અધમ પુરૂષો સાથે
ઉત્તમ ગુણવાળી સ્ત્રીઓનો સંબંધ થાઅછે એજ મુખ્ય
અનીતી તથા અપ્રીતીનુ કારણ જણાઈ આવેછે. કારણ
કે સમાંન જોડીના સંબંધ વીનાયથેષ્ટ સુખની પ્રાપ્તી
થતી નથી એ વાત અનુભવી લોકો સારી પેઠે જાણેછે
જેમ પુરૂષ અધમ અને સ્ત્રી ઉત્તમ હોવાથી અનીતી તથા
અસુખનુ કારણ થાઅછે તેમજ પુરૂષ ઉત્તમ અને સ્ત્રી
અધમ હોવાથી પણ અનીતી અને અસુખનુ કારણ
થાયછે. અને તે દુઃખ સ્ત્રી કરતાં પુરૂષને વધારે જણા-
ઈ આવેછે. કારણ કે સ્ત્રીઓના કરતાં પુરૂષને સંસારની
જંજાળ જાસ્તી વળગેલી હોઅછે. અને તે જંજાળમાં-
થી નીકળી ઘરમાં આવીને તેમને ઠરી બેસવાનો વારો

આવતો નથી ને હમેષ ચીંતા તથા કલેશાગ્નીથી સંતપ્તને સંતપ્તજ રહેછે. અને તેની શાંતીને અર્થે કેટલાએક અવીચારી પુરૂષો અનેક ઠેકાણે વ્યર્થ ફાંફાં માર્યા કરેછે. આ અનર્થનુ મુળ કારણ અસમાન સંબંધ શીવાય બીજુ કઇ હોય એમ લાગતુ નથી. સમાનતા એકજ બાબતની હોતી નથી. પરંતુ ઘણા પ્રકારની હોય છે. જેમકે સમાન રૂપ, સમાન, ગુણ સમાન શીળ, સમાન આચરણ, સમાન વિદ્યા, સમાન વય, ઇત્યાદી. તેમાં જે બાબતમાં અસમાનતા હોય તે બાબતની પ્રીતીમાં તથા સુખમાં તેટલો તફાવત રહે એ સ્વાભાવીક છે. સર્વ વાતે સમાન જોડી મળવી એ સાધારણ પુન્યનુ ફળ નથી જેનાં મહદ્ ભાગ્ય હશે તેનેજ એવો સંબંધ પ્રાપ્ત થતો હશે. તેમ છતાં તે અસમાન સંબંધને તથા તે અસમાન સંબંધ થવાનાં જે કારણો હોયછે તેને ધીકારવાને બદલે આ ઉત્તમ વીદ્યાને દુશણ આપવામાં આવેછે એ કેવળ અયોગ્યછે અને ભુલ ભરેલુછે એટલુજ નહી પણ ઉધરશના ઉપાયને માટે ગળાને કાપી નાખવા સરખુ થાય છે.

સર્વના શાસ્ત્રનો એજ સીદ્ધાંત છે કે સુખનુ કારણ વીદ્યા અને દુઃખનુ કારણ અ વીદ્યા. વીદ્યા એટલે જ્ઞાન અને અવીદ્યા એટલે અજ્ઞાન વીદ્યા તથા જ્ઞાનનો સંગ્રહ કરવાથી સુખની પ્રાપ્તી થાય છે અને દુઃખનો નાશ થાય છે અ વીદ્યા અને અજ્ઞાન વડે કરીને દુઃખ

ની પ્રાપ્તી થાય છે અને સુખનો નાશ થાય છે આ ની-
ર્વિવાદ નિર્ણય છે, અને અનુભવ ઉપરથી પણ એ
વાત સીદ્ધ છે. આપણે પ્રત્યક્ષ જોઇયે છીએ કે આપ-
ણા કરતાં વધારે અજ્ઞાની અને અવીદવાન લોકો કે-
હેવી હલકી અને દુઃખદાયક સ્થીતીમાં દીવસ નિર્ગ-
મન કરે છે. અને આપણા કરતાં વધારે જ્ઞાંની અને
વિદ્વાન લોકો કેવાં ઊમદા સુખો ભોગવે છે. જે સુ-
ખો જોઇને આપણા અંતકરણમાં કેટલો બધો ખેદ ઉ-
ત્પન્ન થાય છે અને તેમના સુખો આગળ આપણુ
સુખ આપણને તુચ્છ જેવુ લાગે છે. આ વાતનો અ-
નુભવ સમજુ લોકોને સારી પેઠે છેજ. તેથી વીદ્યા
એજ સુખનુ મૂળ કારણ છે એ વાત નિશ્ચય છે. અ-
ને ગાયન એ એક ઉત્તમ વિદ્યા છે. આ વીદ્યાના શા-
સ્ત્રને ચાર વેદના ઉપવેદોમાં સામવેદના ઉપવેદને
ઠેકાણે દાખલ કરી ગાંધર્વવેદ એવું નામ આપેલું છે
તથા સાધારણ વાતચીતમાં લોકોએ તેને પાંચમા
વેદનું નામ આપેલું છે—॥ रागस्तु पंचमो वेदः ॥ ઇ.
ત્યાદી. આ વિદ્યાની પ્રશંસાનાં ઘણાં વાકયો છે. વળી
નીચેની એક ગરબીના અર્થનો વિચાર કરો—

गरबी संगीत प्रशंसा विषे.

रसीया ते जननोरे ॥ झगडो लोचन मननो

ए रागे गवाय छे.

आनंदकारी अपार संगीत शास्त्र बखांनो
जगमें सुखकोसारस सर्वोत्तम येहजानो. टेक.

जे नर जगमें आय कें,
यहे न संगीत ज्ञान;
शतायु भोग करे परी,
जानों कीट समांन. संगीत० १

संगीत सें रंगीत भयो,
चौदे लोक को साथ;
जोया को ग्रहे प्रेम सो.
सो नर होय सनाथ. संगीत० २

शीव विष्नु नीशदीन चहे.
यहे संगीत को स्वाद;
मंद मती अरसीक जनो,

करत सदा अपवाद. संगीत० ३

नारदादी भगवान सब,
जामे रहे नीमग्न;
एसे येहे संगीत सो,
होत न मुढ स लग्न. संगीत. ४

सरस्वती ब्रह्मा सहीत,
स्तवन करे उप बेद;
एसो अकळीत जांन यह,
शब्द ब्रह्म को भेद. संगीत० ५

अज्ञांनी क्यौं अनुभवे,
शब्द ब्रह्म को भेद;
नेती नेती कर रहे,
मौनही चारु बेद. संगीत० ६

शब्द ब्रह्म आपे रहे,
पुरन सब घट मांह;
योगी जन अनुभव करे,
योग कला सें तांह. संगीत० ७

जैसो घटमे अनुभवे.
तेसो वाहार न होय;
प्रगट करें गांधर्व येह,
वैखरी मध्ये सोय. संगीत० ८

આ ઉપરથી આ વિદ્યાનું જ્ઞાન સંપાદન કરવું એ ઉત્તમ અને સુખદાતા છે—એમ સુજ્ઞજનોના અંતઃકરણમાં આવ્યા શિવાય રહેશે નહી. એમ છે તોપણ આ ઉપરથી સર્વ સ્ત્રીઓને સર્વ પ્રકારનાં ગાયન શીખવાને તથા ગાવાને કંઈ પણ પ્રતીબંધ નથી એમ એકદમ કોઇએ સમજવું ન જોઇએ—

આ દુનિયાના વ્યવહારમાં રહેનારા મનુષ્યોએ પ્રથમ વ્યવહારની તથા નીતીધર્મની વિદ્યાઓ વિષે પોતાના પ્રપંચ નિર્વાહને અર્થે દેશકાળ સ્થિતી અનુસાર જોઇએ તેટલું જ્ઞાન પ્રથમ સંપાદન કર્યા બાદ પોતાના મોજ શોખની તેમજ પરમાર્થીક જ્ઞાન સંબંધીની વિદ્યાઓ જે અત્યંત સુખોનાં કારણ છે તે ગ્રહણ કરવાને યત્ન કરવું જોઇએ આ પ્રમાણે અનુક્રમે ઉત્તરોતર વિદ્યાઓ સંપાદન કરવાથી તે મનુષ્યનાં મન દ્રઢ થઇ તે વિદ્યાઓ ધારણ કરવાની તથા તેનો ખરો ઉપભોગ લેવાની તેમનામાં શક્તિ આવેછે—તેમ થયા શિવાય અધવચથી આ વિદ્યાઓ

રૂપી માહાસાગરમાં ઉપરની આરંભીક વિદ્યાઓરૂપી નૌકાઓનો આશ્રય કર્યા શિવાય જે એકદમ ઝોકા-વડાં કરેછે તે કોઈ પણ કીનારાને નહી પોચતાં સેવટે બુડેછે—અર્થાત્ તે મનુષ્ય ઐહીક તથા પરમાર્થીક બંને ધર્મથી તથા તેનાં સુખોથી બહીશકૃત થઇ લોકમાં નીંદાને પામેછે—માટે આ વિદ્યાને ગ્રહણ કરવા લાયક અધિકારી થયા શિવાય એકદમ નજરમાં આવે તે પ્રમાણે ગ્રહણ કરવામાં ઘણો વિચાર રાખવો જોઇએ—વળી ગાયનના કેટલાએક રસ જેમકે શ્રૃંગાર બીભત્સ ઇત્યાદીક એવા છે કે તે અધીકારી શીવાય બીજાએ ગાવા અથવા સાંભળવા ન જોઇએ. આ નીયમ પુરૂષ સુધાંતને લાગુ છે તો સ્ત્રીયોને તો લાગુ હોયજ એમાં શું કેહેવું. તેમ છતાં તે વાતનો વીચાર ન રાખતાં જે વસ્તુઓ ગાવા તથા સાંભળવાને જેને અધીકાર નથી એવી વસ્તુઓ અનાધીકારી લોકો તરફથી ગાવા તથા સાંભળવાનો પ્રચાર સાંપ્રતકાળમાં ચાલુ થવાથી આ વીદ્યા ઉપર દુષણ આપવાને લોકોની મતી પ્રવર્ત થઈ ગઈ છે માટે તેવી વસ્તુઓ અનાધીકારીયોએ ગાવી તથા સાંભળવી ન જોઇએ એ વાત વાસ્તવીક છે માટે તેવી વસ્તુઓને અધીકારી પરત્વે અલગ રાખીને તે સીવાયની વસ્તુઓ જેમકે જ્ઞાન, ભક્તી, વૈરાગ્ય, શૌર્ય, ધૈર્ય, વીવેક, સત્ય, પરોપકાર, સુ

નીતી. ઇત્યાદી વીષયો સંબંધી ગાવાનું તથા સાંભળ વાનું ઘણું છે. અને તેવા વીષયો સંબંધીની વસ્તુઓ પોતાના ઘરમાં અથવા સુજ્ઞ સ્વજન સંબંધીઓના સમુહમાં ગાવાને કંઈ હરકત નથી—એટલુજ નહી પણ એથી કરી સ્રીઓ તેમજ પુરૂષોના મન ઉપર સદગુણની સારી અસર થઈ વારંવાર સુબોધ થયા કરી—દુરાચાર—દુર્ગુણ—અજ્ઞાન તથા અનીતીનો નાશ થઈ સુખદાયક જ્ઞાનનો વધારો થશે. તથા ઇશ્વરને વીષે ભક્તી ઉતપંન થશે એમ મારી મતી છે. તેથી તેવા વીષયો ઉપર ભણેલી તથા સુધરેલી મોટી ઉમરની સ્રીઓને ગાવા લાયક ગરબીઓ મને કવચીતજ જણાઈ આવ્યાથી આવી ગરબીઓનો વધારો થવાના હેતુથી કેટલીએક ગરબીઓ આવા વીષયો ઉપર રચવાની મારા અંતઃકરણમાં પ્રેરણા થઈ અને તે ઉપરથી કેટલીક ગરબીઓ મેં મારી મતી અનુસાર રચવાને ધારયું છે પરંતુ આ ગરબીઓ સર્વને ઉપયોગી અને પ્રીય થઈ પડે છે કે નહી તે જોવા સારૂ માસલા તરીકે પ્રથમ થોડીક ગરબીઓ પ્રસીદ્ધતામાં લાવવાના હેતુથી બાહાર પાડી છે.

ભગવંતરાય દાજીભાઈ

મુનશી.